તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શાળાઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા

૯૦ ટકાથી વધુ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને શાળાઓ વિવિધ પેકેજ ઓફર કરે છે : ડિસ્કાઉન્ટથી લઈને બાઈક-સ્કૂટીની ભેટના પ્રલોભનો અપાય છે

ગાંધીનગર, તા. ૪

ધો. ૧૦નું પરિણામ જાહેર થતાં જ ધો. ૧૧-૧૨ના વર્ગો ચલાવતી શાળાઓ વચ્ચે સારા વિદ્યાર્થીઓ મેળવવા માટેની સ્પર્ધા તીવ્ર બનતી જાય છે. ૧૧ જેટલી ડે સ્કૂલ અને ૧૦ ગ્રાન્ટેડ શાળાઓ વિદ્યાર્થીઓને જાતભાતની ઓફરો આપી વિદ્યાર્થીઓને ખેંચી રહી છે. આ જ રીતે વિજ્ઞાનપ્રવાહના સારા શિક્ષકોને પણ પોતાની શાળામાં સમાવવા મસમોટા પેકેજ ઓફર કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગરના શિક્ષણજગતમાં ધો. ૧૦ના પરિણામ બાદ ભારે ઉચાટ જોવા મળી રહ્યો છે. કંઈ શાળામાં પ્રવેશ મેળવવો તેની મુંઝવણ અનુભવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ જુદી જુદી શાળાઓમાં ફરી રહ્યા છે. તેમાંય ૯૦ ટકાથી વધુ ઉચ્ચ ગુણ ધરાવતા વિદ્યાર્થીઓ પોતાની શાળામાં પ્રવેશ મેળવે તે માટે તો શાળાઓમાં જાણે રીતસરની હોડ જામી છે. આ વર્ષે ૧૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ પાસ થયા છે. તે પૈકીના અડધા વિદ્યાર્થીઓએ બી-૨ થી એ-૧ વચ્ચેના માર્કસ મેળવ્યા છે. આ વિદ્યાર્થીઓ વિજ્ઞાનપ્રવાહમાં પોતાની શાળામાં પ્રવેશ મેળવે તે માટે ગાંધીનગરની શાળાઓએ માર્કેટીંગ શરૂ કરી દીધુ છે. ગાંધીનગરના શિક્ષણજગતમાં સ્પર્ધા વધતી જાય છે. દર વર્ષે બે-ત્રણ ડે સ્કૂલનો પ્રારંભ થાય છે. આ વર્ષે ૧૧ જેટલી ડે સ્કૂલ અને ૧૦ ગ્રાન્ટેડ શાળાઓ વચ્ચે વિદ્યાર્થીઓ માટે સ્પર્ધા જામી છે.

ખાસ કરીને ડે સ્કૂલના સંચાલકો વિદ્યાર્થીઓને જાતભાતની લોભામણી ઓફરો આપી પ્રવેશ માટે પ્રેરે છે. એ-૧ ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓને ઘણી શાળાઓ ફી માં કન્સેશન કરી આપે છે. જ્યારે કેટલીક સ્કૂલો સ્કૂટી બાઈક જેવી ભેટ પણ આપે છે. તેમણે માર્કેટીંગનું જબરજસ્ટ નેટવર્ક ગોઠવ્યુ છે. ડે સ્કૂલના માર્કેટીંગ ઓફિસરો દિવસ રાત આ જ કામમાં લાગી ગયા છે. વિદ્યાર્થીઓની જેમ જ સારા શિક્ષકોને પણ ખેંચી લાવવા માટે તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે. શિક્ષકોને પગારના મસમોટા પેકેજ ઓફર કરવામાં આવે છે. ઘણા શિક્ષકો તો સરકારી નોકરીઓ છોડી ડે સ્કૂલમાં જોડાઈ ગયા છે. સારા શિક્ષકોની ખુબ બોલબાલા છે. જ્યાં સુધી શાળાઓમાં પ્રવેશકાર્ય પૂર્ણ નહીં થાય ત્યાં સુધી આ ખેંચતાણ ચાલુ રહેશે.

ગાંધીનગર-અમદાવાદ શહેર-ગ્રામ્યના આચાર્યો અને શિક્ષકોના ધોરણ-૧૦ (એસએસસી)ના શાળાકીય સતત સર્વગ્રાહી મૂલ્યાંકન સંકલ્પનાત્મક તાલીમ શિબિરનો પ્રારંભ ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે અમદાવાદ શહેરના શિક્ષણ નિરીક્ષક શ્રી યુ એન રાઠોડ દ્વારા કરવામાં આવ્યો હતો.

બીએડ કૉલેજ માટે પ્રવેશ પ્રક્રિયા ૭મીથી

અમદાવાદ, તા.૪

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૮૭ બીએડ કોલેજોમાં પ્રવેશ માટેની પ્રક્રિયા ૭મી જૂનથી પ્રારંભ થશે. તા.૭મી જૂનથી યુનિવર્સિટીના કન્ઝ્યુમર્સ સ્ટોરમાંથી ફોર્મ વિતરણ કરાશે અને આજ દિવસથી યુનિવર્સિટીના આઈએએસ સેન્ટર ખાતે ભરેલા ફોર્મ સ્વીકારાશે. ચાલુ વર્ષે ફોર્મ ફી રૂપિયા ૨૦૦ યથાવત રાખવામાં આવી છે. કોલેજોમાં ૧૫મી જુલાઈથી નવા સત્રનો પ્રારંભ થશે. આ વર્ષે ૮૭ કોલેજોમાં કુલ ૮૭૦૦ બેઠકો છે. જેમાં ૧૦૫૦ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો છે. ૮૭ કોલેજોમાં ૧૬ ગ્રાન્ટ, સરકારી અને ૭૦ સેલ્ફફાયનાન્સ કોલેજો છે. જોકે આમા ૭ સેલ્ફ ફાયનાન્સ કોલેજોને એનસીટીઈના જોડાણનો પત્ર મળ્યો ન હોવાથી આ કોલેજોને નો એડમીશન ઝોનમાં મૂકાઈ છે. બીએડ કોલેજોમાં પ્રવેશ માટે ગુજ. યુનિ.ના કન્ઝ્યુમર્સ સ્ટોરમાંથી ૭મી જૂનથી ફોર્મ વિતરણ થશે. જે ભરીને તેજ દિવસથી યુનિવર્સિટીના આઈએએસ સેન્ટર ખાતે આપી શકાશે. ફોર્મ વિતરણ અને સ્વીકારવાની પ્રક્રિયા ૨૬મી જુન સુધી ચાલશે. ૫મી જુલાઈએ મેરીટયાદી મૂકાશે અને ૮મી જુલાઈથી પ્રવેશનો પ્રક્રિયાનો પ્રારંભ થશે.

ગુરુકુળ શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલી ગુરુકુળ શાળાની વિદ્યાર્થીની પ્રેક્ષા પટેલે તાજેતરમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષામાં ૯૦.૪૦ ટકા સાથે એ-૧ ગ્રેડ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે. પ્રેક્ષા પટેલને ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦૦માંથી ૪૫૨ ગુણ પ્રાપ્ત થયા છે. તેણીનીએ ગણિતમાં ૧૦૦માંથી ૯૭ અને અંગ્રેજીમાં ૧૦૦માંથી ૯૨ ગુણ તથા વિજ્ઞાનમાં ૧૦૦માંથી ૯૦ ગુણ પ્રાપ્ત કર્યા છે.

આજે પર્યાવરણ દિન નિમિત્તે નગરમાં સાયકલ રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગુજરાત ઈકોલોજી કમીશન, ગાંધીનગર દ્વારા આજે ૫મી જૂન-૨૦૧૨ના રોજ પર્યાવરણ સુરક્ષા સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

પર્યાવરણ સુરક્ષા સાયકલ રેલી આજે તા. ૫મી જૂન-૨૦૧૨ને સવારે ૮ કલાકે ઉદ્યોગ ભવન સર્કલ, ગાંધીનગર ખાતે યોજાશે. પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે, પર્યાવરણનું દરેક વ્યક્તિ રક્ષણ કરે તથા વૃક્ષો અને વનસ્પતિઓ પ્રત્યે હમદર્દી કેળવી તેનો યોગ્ય ઉછેર કરે તે આજના ઔદ્યોગિક અને યાંત્રિક યુગમાં ખૂબ જરૂરી બાબત છે.

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ગાંધીનગરમાં પર્યાવરણ સુરક્ષા સંદર્ભે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પર્યાવરણ પ્રેમીજનો એકત્રિત થઈ સાયકલ રેલી કાઢશે. પ્રદૂષણ મુક્ત વાતાવરણ રચવા અને પર્યાવરણની સુરક્ષા યોજવા આ રેલીનું ગુજરાત ઈકોલોજી કમીશન દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

એસએસસીમાં નાપાસ વિદ્યાર્થીઓને જુલાઈમાં પરીક્ષાની તક મળવી જોઈએ

ગાંધીનગર, તા. ૪

ઓલ ગુજરાત સ્ટુડન્ટસ ફેડરેશનના પ્રમુખ જ્યોર્જ ડાયસે એક અખબારી નિવેદનમાં જણાવ્યું છે કે, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં નાપાસ વિદ્યાર્થીઓ માટે જુલાઈ માસમાં પરીક્ષા લેવાય છે તેવી જ તક ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના નાપાસ વિદ્યાર્થીઓને મળતી નથી જેનો સૌએ વિરોધ પ્રદર્શિત કર્યો છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં જે વિદ્યાર્થી એક કે બે વિષયમાં નાપાસ થાય તેમનું વર્ષ ના બગડે તે માટે જુલાઈ માસમાં પુનઃ પરીક્ષા લેવાતી હોય છે. શિક્ષણ બોર્ડના આ નિર્ણયના કારણે હજારો વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. પરંતુ આ પદ્ધતિમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા નથી તે અન્યાકર્તા છે. બોર્ડે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના શૈક્ષણિક વર્ષ વચ્ચે ભેદભાવ ન રાખવો જોઈએ. નાપાસ થયેલા બોર્ડના દરેક વિદ્યાર્થીનું વર્ષ ન બગડે તે માટે સમાન તક આપી જુલાઈ માસમાં પરીક્ષા યોજવી જોઈએ. જેનાથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય મળી શકે અને તેમનું શૈક્ષણિક વર્ષ ન બગડે. આ અંગેનું આવેદનપત્ર ઓલ ગુજરાત સ્ટુડન્ટસ ફેડરેશને ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી રમણલાલ વોરા અને બોર્ડના ચેરમેનને આપ્યું છે.

મોટેરા આશારામ ગુરુકુળનું એસએસસીનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૪

સાબરમતી નદીને કિનારે આવેલા મોટેરા ગામની આશારામ ગુરુકુળનું દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરણ-૧૦નું બોર્ડનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. ઉંચું પરિણામ લાવનાર શાળાના વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

સંત આશારામની પ્રેરણાથી ચાલતા ગુરુકુળમાં વિદ્યાર્થીઓની બૌદ્ધિક, શારીરિક શકિતઓની સાથે સાથે યૌગિક શકિતને પણ ખિલવવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં ઊંચું મેરિટ લાવીને ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું છે. શાળાના જયકુમાર હરીશભાઈ પટેલે ધોરણ-૧૦ની પરીક્ષામાં ૯૬ ટકા, રવિ લાલજીભાઈ પ્રજાપતિએ ૯૪ ટકા અને ઉમંગ જયંતિલાલ ખીમાણીએ ૯૦.૬૦ ટકા પ્રાપ્ત કરી શાળામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ હાંસલ કર્યો છે.

શાળાના વિદ્યાર્થીઓ શૈક્ષણિક સ્તરની સાથે સાથે ખેલકૂદમાં પણ ઝળકયા છે. ગત વર્ષની રાજ્ય સ્તરની કુસ્તી સ્પર્ધામાં ૬૩-૬૬ કિ.ગ્રા. વર્ગના વિદ્યાર્થીઓમાં આ શાળાના શિવેશ જ્હાએ કાંસ્ય પદક પ્રાપ્ત કરીને ગુરુકુળનું તથા અમદાવાદનું ગૌરવ વધાર્યું હતું. શાળા પરિવારે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષામાં ઉંચું પરિણામ લાવી સિધ્ધિ હાંસલ કરી છે તે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન અને વધુ ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી છે.

શારીરિક વિશિષ્ટ બાળકો માટે ઉમંગ ઉત્સવની પ્રાદેશિક કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેવા જોગ

ગાંધીનગર, તા. ૪

કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે શારીરિક વિશિષ્ટ બાળકો માટે ઉમંગ ઉત્સવની સાહિત્ય, સંગીત, નૃત્ય, નાટ્ય વિભાગની પ્રાદેશિક કક્ષાની સ્પર્ધાઓ અનુક્રમે નડિયાદ, હિંમતનગર, જામનગર અને વલસાડ ખાતે આગામી જુલાઈ ૨૦૧૨માં યોજાશે.

શારીરિક વિશિષ્ટ બાળકોના કલ્યાણ માટે કામ કરતી સરકાર માન્ય સંસ્થાઓએ તેમની સંસ્થાના ૭ થી ૧૨ વર્ષ સુધીની ઉંમરના બાળકોને આ સ્પર્ધાઓમાં સામેલ કરવા માટે જે તે જિલ્લાના જિલ્લા રમતગમત, અધિકારીશ્રીની કેચરીમાંથી માહિતી/નિયત અરજી ફોર્મ મેળવી તા. ૩૦-૬-૨૦૧૨ સુધીમાં સંબંધિત જિલ્લા રમતગમત અધિકારીની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને વતનથી સ્પર્ધાના સ્થળ સુધી આવવા-જવાનું એસ.ટી. એકસપ્રેસ બસનું ભાડુ, નિવાસ, ભોજન, પ્રમાણપત્ર અને વિજેતા સ્પર્ધકોને નિયત પારિતોષિક એનાયત કરવામાં આવશે. તેમ કમિશનર એમ.એમ. કોટવાલની યાદીમાં જણાવ્યું છે.

યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

॥ નવમો મણકો ॥

સ્વામીજી ૬થી ૧૪ ફેબ્રુઆરી, ૧૮૭૯ સુધી ૯ દિવસ મદ્રાસમાં રોકાયા પછી ૧૫મી ફેબ્રુઆરીએ સવારે મદ્રાસથી સ્ટીમર દ્વારા કોલકાતા જવા નીકળ્યા. બંગાળ અને કોલકાતા સાથે સ્વામીજીનો ઘનિષ્ટ સંબંધ હતો. કોલકાતામાં તેઓ જન્મ્યા હતા. એમની કેળવણી, શિક્ષા અને દિક્ષા એ ભૂમિમાં થયા હતા. વળી, સ્વામીજીના વાત્સલ્યમયી માતા ભુવનેશ્વરી દેવી પણ ત્યાં રહેતા હતા. આથી બીજાં સ્થળો કરતાં આ સ્થળનું મહત્ત્વ કંઈક વિશેષ હતું. સ્ટીમરે જેવી બંગાળની ખાડી પાર કરીને ગંગાના બારામાં પ્રવેશ કર્યો અને કોલકાતા જવા ઉત્તર દિશામાં આગળ વધી એ સાથે જ સ્વામીજીના માનસપટ પર બાળપણ અને યૌવનની સ્મૃતિઓ જાગ્રત થવા લાગી. સ્વામીજી પોતાના સાથીઓ અને શિ,યોને આનંદપૂર્વક દર્શનીય સ્થળો દેખાડવા લાગ્યા. સ્ટીમર બજબજમાં આવી અટકી ગઈ.

દરભંગાના મહારાજાની અધ્યક્ષતામાં રચાયેલી કોલકાતાની સ્વાગત સમિતિએ નક્કી કર્યા મુજબ સ્વામીજી ૧૯મી ફેબ્રુઆરી, શુક્રવારે સવારે એક વિશેષ ટ્રેનમાં બજબજથી સિયાલદાહ જવા રવાના થયા. સિયાલદાહ રેલવે સ્ટેશને વીસ હજાર લોકો સ્વામીજીની આતુરતાપૂર્વક રાહ જોતા હતા.

કોલકાતાવાસીઓ, વર્તમાન પત્રો દ્વારા સ્વામીજીની વિજયગાથા, કીર્તિગાથા જાણી ચૂક્યા હતા. આવી વિશ્વવંદ્ય વિભૂતિનાં દર્શન કરવા ભલા કોણ આતુર ન હોય ? ટ્રેન રેલવે સ્ટેશનમાં દાખળ થતા પહેલા વ્હીસલ વાગી અને ત્યાં હાજર રહેલી જનમેદનીએ ગગનભેદી હર્ષધ્વનિ કર્યો. ટ્રેન ઊભી રહી. સ્વામીજી ટ્રેનની બહાર આવ્યા, હાથ જોડી સૌનું અભિવાદન કર્યું. લોકો સ્વામીજીની ચરણરજ લેવા પડાપડી કરવા લાગ્યા. દૂર ઊભેલા લોકો પરમહંસ શ્રી રામકૃષ્ણ દેવ અને સ્વામીજીનો જયઘોષ કરવા લાગ્યા. સુગંધી પુષ્પો અને પુષ્પમાળાઓથી, તેની વૃષ્ટિથી સ્વામીજીનું શરીર ઢંકાઈ ગયું.

સ્વામીજી જેવા શણગારેલી ઘોડાગાડીમાં બેઠા કે તરત જ થોડા વિદ્યાર્થીઓ દોડતા આવ્યા અને તેમણે ગાડીમાં જોડાયેલ ઘોડાઓને છોડી મૂક્યા અને પોતે જ સ્વામીજીની ગાડી ખેંચવા લાગ્યા. આમ, સ્વામીજીની શોભાયાત્રા આગળ વધી. મદ્રાસની જેમ કોલકાતાના માર્ગો પણ માનવ મહેરામણથી ઊભરાતા હતા. જ્યાં જુઓ ત્યાં સ્વામીજીનો જયજયકાર થતો હતો. ૨૮મી ફેબ્રુઆરી, ૧૮૯૭ના દિવસે સાંજે ચાર વાગે કોલકાતાવાસીઓ તરફથી સ્વામીજીને અભિનંદન આપવા માટે એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં શિક્ષિત અને ઉમરાવ વર્ગના ચાર હજાર લોકો ઉપસ્થિત હતા. આ પહેલાં કોઈ નાય સ્વાગત માટે આટલી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા ન હતા. જેવા સ્વામીજી સભા સ્થળે પહોંચ્યા કે હાજર રહેલા શ્રોતાઓના હર્ષધ્વનિ અને જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું. સભાના અધ્યક્ષસ્થાને રાજા વિનયકૃષ્ણ દેવબહાદુર હતા. તેમણે કહ્યું, 'આ નરકેસરીએ (સ્વામીજીએ) ભારતના રાષ્ટ્રીય જીવનમાં અનુપન કીર્તિ હાંસલ કરી છે.' એ પછી એમણે માનપત્રનું વાચન કર્યું અને તેને રજતપાત્રમાં મૂકીને સ્વામીજીને અર્પણ કર્યું. એના ઉત્તરમાં સ્વામીજીએ જે પ્રવચન આપ્યું તેમાં માધુર્ય, ઓજસ્વિતા, ભાવગાંભીર્ય, સ્વદેશપ્રેમ અને ભાવિ કાર્યની યોજનાઓનો એવો સમન્વય થયેલો હતો કે તે પ્રવચન અદ્‌ભૂત અને અનુપમ બની રહ્યું. સમકાલીન ભારતે સ્વામીજીને દેશભક્ત મહાપુરુષ તરીકે સ્વીકાર્યા.

સ્વામીજીએ પોતાના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસને મર્મસ્પર્શી શ્રધ્ધાંજલિ આપતાં કહ્યું, 'જો મારા મનથી, વિચારોથી કે કર્મોથી કોઈ સત્કાર્ય થયું હોય, જો મારા મુખમાંથી દુનિયામાં કોઈને પણ મદદરૂપ થાય એવો એક પણ શબ્દ નીકળ્યો હોય તો તેનો યશ મને નથી, એ બધો યશ તેમને જ છે. પરંતુ, જો મારા મોઢેથી શાપવાણી નીકળી હોય, જો મારામાંથી ધિક્કારની કોઈ લાગણી બહાર આવી હોય, તો તે બધો દોષ મારો છે. તેમનો નથી. જં કાંઈ નબળું અને ઉતરતું છે તે બધું મારું છે, જે કાંઈ જીવન શક્તિ આપનારું, શક્તિદાયક, શુધ્ધ અને પવિત્ર છે, તે બધું તેમની પ્રેરણા છે, તેમની વાણી છે, સ્વયં તેઓ પોતે છે.'

સ્વાગત કાર્યક્રમો અને તેમને મળવા આવનાર લોકોનો એવો અવિરત પ્રવાહ ચાલ્યો કે સ્વામીજીએ ૨૫મી ફેબ્રુઆરી, ૧૮૯૭ના પત્રમાં લખ્યું, 'દેશભરમાં આયોજિત થનાર સ્વાગત સમારોહો અને એવા બીજા કાર્યક્રમોને કારણે મને મરવાનીય ફૂરસદ નથી. જો મને થોડો આરામ ન મળ્યો, તો કહેવું મુશ્કેલ છે કે હું છ મહિનાય જીવીશ કે કેમ ?' કોલકાતામાં એક માસ રહ્યા એ દરમિયાન સ્વામીજીનું સ્વાસ્થ્ય અવિરત પ્રવૃત્તિઓને કારણે કથળવા લાગ્યું. સ્વામીજી માર્ચ, ૧૮૯૭માં સ્વાસ્થ્ય લાભ માટે દાક્તરની સલાહ પ્રમાણે દાર્જીલીંગ ગયા. તેમની સાથે તેમના ગુરુભાઈઓ તથા પશ્ચિમના અને ભારતના, મદ્રાસના કેટલાક શિષ્યો પણ ગયા. દાર્જીલીંગમાં સ્વામીજીએ રામકૃષ્ણ મિશનની સ્થાપના કરવાની યોજના બનાવી. આ વિષયમાં પોતાના ગુરુભાઈઓ અને શિષ્યો સાથે તેમણે અનેકવાર ચર્ચાઓ કરી. ૧લી મે, ૧૮૯૭ના દિવસે સ્વામીજીએ સમસ્ત મઠવાસી અને ગૃહસ્થ શિષ્યોની એક સભા કોલકાતામાં બલરામ બોઝના નિવાસે બોલાવી. અહીં સ્વામીજીએ 'આત્મન મોક્ષાર્થં જગત્ હિતાય ચં' એ આદર્શ સાથે રામકૃષ્ણ મિશનની વિધિવત સ્થાપના કરી. (અપૂર્ણ)

હરિત અર્થતંત્રની વ્યવસ્થામાં તમને આવરી લીધા છે ?

યુએનઈપી- પર્યાવરણ અંગે યુનાઈટેડ નેશન્સની યુનાઈટેડ નેશન્સ ઍન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સ નામની સંસ્થા દ્વારા પાંચમી જૂન- વિશ્વ પર્યાવરણ દિન, ૨૦૧૨નું વિષયવસ્તુ: 'ગ્રીન ઈકોનોમી - ડઝ ઈટ ઈન્ક્લૂડ યૂ' જાહેર કરવામાં આવ્યુંછે. જેનો મતલબ સામાન્ય સમજ માટે 'હરિત અર્થતંત્રઃ આ હરિત અર્થતંત્રની વ્યવસ્થામાં તમને આવરી લીધા છે?' તેમ થઈ શકે છે. આ સંસ્થાએ સદર વિષયવસ્તુની સ્પષ્ટતા કરતા ઉમેર્યું છે કે, ગ્રીન ઈકોનોમી એટલે કે, આર્થિક તંત્રની એવી વ્યવસ્થા જેમાં માનવ કલ્યાણ અને સામાજિક સમાનતા માટે આપણી જીવનશૈલીમાં આધુનિક પદ્ધતિઓ અપનાવવા સાથોસાથ પર્યાવરણીય જોખમો અને જીવસૃષ્ટિની ઘણી પ્રજાતિઓના થઈ રહેલ વિલોપમાં ઘટાડો થાય તેવી સુવ્યવસ્થાને ગ્રીન ઈકોનોમી કહી શકાય. ટૂંકમાં, આપણી જીવનશૈલીમાં અપનાવાયેલ પદ્ધતિઓમાં કેટલાંક ફેરફારો કરવાથી કાર્બનનો ઓછામાં ઓછો વપરાશ થાય, કુદરતી સંપત્તિ ન વેડફાય તેમજ સામાજિક સ્તરે સૌને સામેલ રાખી શકાય, તેવી વ્યવસ્થા એટલે જ ગ્રીન ઈકોનોમી ગણાય.

ગ્રીન ઈકોનોમીને વ્યવહારૂ દષ્ટિએ કહી શકાય કે, જાહેર અને ખાનગી રોકાણકારોના એવા પ્રોજેક્ટ કે ઉત્પાદનો જેમાં કાર્બનનું ઉત્સર્જન તથા પ્રદૂષણ ઘટે, ઊર્જા સ્ત્રોતો વધે, સંસાધનો કે કુદરતી સ્ત્રોતો ક્ષમતા યુક્ત બની રહે, બાયોડાયર્સિટી-જૈવિક વૈવિધ્યતામાં તથા ઉપલબ્ધ થતી કુદરતી સેવા/પ્રદાનમાં થતો ઘટાડો અટકાવે, રોજગારીની તકો વધારે અને વ્યક્તિદીઠ આવકમાં વૃદ્ધિ કરે એવા પ્રકારની વ્યવસ્થાને હરિત અર્થતંત્ર તરીકે સમજી શકાય.

હરિત ઈકોનોમીના પ્રોજેક્ટ્‌ની ઓળખ કરવા, નોખા તારવવા, તેને લક્ષી જાહેરખર્ચ કરવા, નીતિ વિષયક બદલાવ કરવા તથા કાયદામાં ફેરફારો કરવા ટેકો આપીને આવા પ્રકારના આર્થિક રોકાણોને પ્રોત્સાહિત કરવા જોઈએ.

પરંતુ, પ્રશ્ન થાય કે, લોકોને આ વિગતો કહેવાનો શું મતલબ છે? તેનો જવાબ પર્યાવરણદિનના ઉપરોક્ત વિષયવસ્તુમાં આવરી લેવામાં આવ્યો છે, અને સૌને ટકોર કરતી પૃચ્છા કરવામાં આવી છે. જો ગ્રીન ઈકોનોમીમાં સામાજિક સમાનતા અને સૌને સાથે રાખવાની બાબત હોય, તો સ્વાભાવિક અને ચોક્કસપણે જ આ હરિત અર્થતંત્ર કે વ્યવસ્થાની સમગ્ર વાત આપણા સૌ માટે જ છે !! આપણે સૌએ હરિત ઈકોનોમી અંગે વધુ જાણકારી મેળવવા કટીબદ્ધ થવું પડશે. આપણી આસપાસ ઊભા થઈ રહેલ પ્રોજેક્ટમાં તમને આવરી લેવાયા છે કે કેમ ? તેનું મૂલ્યાંકન કરવું જોઈએ.

વિશ્વ પર્યાવરણ દિન-૨૦૧૨ની આંતરરાષ્ટ્રિય ઉજવણીનો મુખ્ય કાર્યક્રમ, યજમાન દેશ બ્રાઝિલ ખાતે ઉજવાઈ રહ્યો છે. બ્રાઝિલને ૧૯૭૨માં વિશ્વ પર્યાવરણ દિનનું યજમાનપદ પણ મળ્યું હતું. જેમાં રિઓ-ડે-જાનેરો ખાતે પૃથ્વી શિખર પરિષદ સંપન્ન થઈ હતી. આ પ્રસંગે વિશ્વના નેતાઓ સૌથી વધુ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વસુંધરાની માવજત અને વિકાસની બાબતો પર મહત્વના નિર્ણયો લીધા હતા. ચીન, ભારત, યુએસ-યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈન્ડોનેશીયા દેશ પછી પાંચમા ક્રમે વિશ્વમાં ખીચોખીચ વસ્તી ધરાવતો દેશ બ્રાઝિલ છે. પંચ્યાસી લાખ ચોરસ કિલોમીટરના વિસ્તારવાળો બ્રાઝિલ દેશ, ઍમેઝોન નદીના બૅઝીન વિસ્તારમાં વૃક્ષ છેદનની ગેરકાયદેસર પ્રવૃત્તિ, પરિણામે નાશ પામી રહેલ અનેક પ્રજાતિઓ, વન્ય પ્રાણીઓની દાણચોરીની બદી તેમજ હવા અને પાણી પ્રદૂષણની વ્યાપક સમસ્યાનો સામનો કરી રહેલ છે.

આ પર્યાવરણના મુદ્દે તંત્ર સહિત સૌને વ્યસ્ત રાખવાના પગલાં તેમજ ગ્રીન ઈકોનોમીની મહત્વની વાત વહેતી કરવાના સૌના સામૂહિક પ્રયાસોથી કુદરતની જીવસૃષ્ટિ અને સંપત્તિની માવજત સાથે સંતુલિત ટકાઉ વિકાસ વૃદ્ધિ હાંસલ થશે.

પૃથ્વીની માવજત કાજે હરિત અર્થતંત્રના ક્ષેત્રો :

૧. મકાનોઃ મકાનોના બાંધકામથી પર્યાવરણ પ્રભાવિત થાય છે—આપણે સારી દુનિયાના નિર્માણમાં જોડાઈએ.

૨. વનાચ્છાદિત વિસ્તારો : વનસૃષ્ટિના નિર્વનીકરણથી પર્યાવરણ પ્રભાવિત થાય છે—ચાલો વનાચ્છાદિત વિસ્તારોની માવજત કરીએ..

-નિર્વનીકરણના કારણે વિશ્વમાં આશરે વીસ ટકા ગ્રીન હાઉસ ગેસના વાયુઓ વાતાવરણમાં ભળે છે.

- ઈ-કમ્યૂનિકેશનનો વ્યાપ વધારીએ, કાગળનો ઉપયોગ ઘટાડીએ.

- અધિકૃત વન-ઉત્પાદનોનો વપરાશ કરીએ. વન પર નિર્ભર આજીવિકા મેળવતા વનવાસીઓને ટેકો કરીએ.

- વનાચ્છાદિત વિસ્તારોની માવજત કરીએ..

૩. વાહન વ્યવહાર :

ખીચોખીચ ટ્રાફિક, વાહનોનું પ્રદૂષણ, ટ્રાફિક-અકસ્માતો.

- ટ્રાફિક અને વાહનોના પ્રદૂષણની સમસ્યા હલ કરવા ઉપલબ્ધ વધુ સારા પગલાં ભરીએ.

૪. પાણી : પાણીને ગમે તેમ ન વેડફિયે, પાણીનો ખપ પુરતો વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ.

-વિશ્વ સ્તરે કરોડો લોકો સ્વચ્છ પાણી કે સ્વચ્છતાની સુવિધાથી વંચિત છે. વળી, વસ્તી વધારો આ સમસ્યામાં ઉત્તરોત્તર ઊમેરો કરે છે.

-પાણીનો ખપ પુરતો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાથી પાણીના આ અમૂલ્ય સ્ત્રોતને બચાવવા માટેનું નાનું પણ ઉમદા પગલું ભરી શકાય છે.

-પાણીનો વપરાશ કરતા નહોતો, નળ બંધ રાખો. એકાદ-બે થોડા કપડાં લોન્ડ્રી મશીનમાં ધોવાને બદલે મશીનની ક્ષમતા જેટલાં કપડા ભેગાં થાય, ત્યારે લોન્ડ્રી મશીનમાં ધોવાથી પાણીને વેડફાતું અટકાવી શકાય છે. તેવી જ રીતે, એકાદ-બે ડીશ ધોવા માટે ડીશ-વૉશિંગ મશીનનો ઉપયોગ ટાળી શકાય છે. ડીશ-વૉશિંગ મશીનમાં પુરતા ધોવાના વાસણો મૂક્યા પછી જ ડીશ-વૉશિંગ મશીન વાપરવાથી પાણીનો વ્યય અટકાવી શકાય છે. -ન્હાવા માટે શાવર-બાથમાં વ્યતિત થતો થોડો સમય ઓછો કરીને, પાણીનો અતિરેક ઉપયોગ ઘટાડવાનો પ્રયત્ન કરી જાુઓ. સફળતા હાથ વેંત જણાશે, પાણીની બચત કર્યાનો અહેસાસ પણ થશે. -વરસાદ થયો હોય, તેના બે-ત્રણ દિવસ સુધી બાગ-બગીચામાં લૉન, ફૂલ-ઝાડને પાણી પાવાનું બંધ કરવાથી પાણીનો બગાડ થતો અટકાવી શકાય છે. - કુદરતી જળ-સ્ત્રોતોનો સક્ષમતા પૂર્ણ વ્યવહારૂ ઉપયોગ, ગ્રીન ઈકોનોમીની ચાવી છે. આ કુદરતી જળ-સ્ત્રોતોમાં પાણીનું સૌથી વિશેષ મહત્વ છે.

-કુદરતી જળ-સ્ત્રોતોમાં પાણીની બાબતે હરિત વિચારોનો અમલ કરીએ..

૫. કૃષિ : તમારી ગ્રાહક તરીકેની ખરીદશક્તિનો ઉપયોગ કરીને સ્થાનિક, જૈવિક અને ટકાઉ કૃષિ પેદાશોનો વપરાશ કરવામાં સામેલ થાવો, અને ગ્રીન ઈકોનોમીને ટેકો કરીએ.. ..

-વસ્તી વધારા સાથે દરેક જીવને અન્નનો દાણો મળી રહે તેવી ક્ષમતા વધારવા માટે ટકાઉ કૃષિ અભિયાનમાં સહભાગી બનીએ..

- શક્ય હોય ત્યાં ટૅરસ પર કે કૂંડામાં શાક-પાન ઉછેરી અને ટકાઉ કૃષિ અભિયાનમાં ભાગીદાર બનીએ.

૬. ઊર્જા વપરાશ : આપણી જીવનશૈલીમાં ઊર્જાનો વપરાશ રોજિંદી જરૂરીયાત બની છે. પરંતુ, આ ઊર્જા ઉત્પાદનમાં કુદરતી સ્ત્રોતો વિપુલ જથ્થામાં વપરાય છે.

-ઉદ્યોગો, શહેરો અને નગરોમાં વપરાતી ઊર્જામાં ખનીજ તેલ, ખનીજ કોલસો, કુદરતી ગેસ, વગેરે કુદરતી સ્ત્રોતોનો વિપુલ જથ્થો વપરાય છે. વળી, આ કૃત્રિમ ઊર્જાના ઉત્પાદનની આડ અસરો જીવસૃષ્ટિના સ્વાસ્થ્ય અને પર્યાવરણને હાની કરે છે. વિશ્વમાં આ કૃત્રિમ ઊર્જાના ઉત્પાદનની પદ્ધતિ ટકાઉ ગણાતી નથી.

- લાઈટ-બત્તી, પંખા, કૂલર, હિટર, વગેરે વીજ-ઉપકરણો કે સાધનો વપરાશમાં નહોતો સ્વિચ બંધ કરીએ.

-બીન પરંપરાગત સ્વચ્છ ઊર્જાના હિમાયતી બનીને ગ્રીન ઈકોનોમીમાં સક્રિય બનીએ.

૭. પ્રવાસન પ્રવૃત્તિઓ : પ્રવાસ દરમિયાન રોજિંદી જરુરિયાતો ઓછામાં ઓછી રાખીએ..

- જાણીતા સ્થળોના સ્થાનિક અર્થતંત્ર માટે પ્રવાસન અગત્યનું છે, પરંતુ, પર્યાવરણ અને સામાજિક બાબતો પર નકારાત્મક પ્રભાવ કરે તેવું પ્રવાસન અયોગ્ય છે.

- વ્યક્તિગત એકલા ફરવાને બદલે જાુથમાં પ્રવાસ કરીએ. સ્થાનિક ચીજ-વસ્તુઓ વાપરીએ. પાણી અને ઊર્જાનો ખપ પૂરતો જ વપરાશ કરીએ.

- ઈકો-ટૂરિઝમવાળી હોટલો કે આવાસોનો ઉપયોગ કરીએ.

- ગંદકી કરવાથી, વાહનોના ધુમાડાથી, ઘોંઘાટવાળા સાધનો વાપરવાથી, પ્લાસ્ટિકનો કચરો ગમે ત્યાં ફેંકવાથી, જાહેર ઉપદ્રવ, વગેરે પ્રવૃત્તિઓથી સ્થાનિક જનજીવન, પશુઓ કે વન્યજીવો પર તમારી પ્રવૃત્તિઓની અસર થતી અટકાવીએ.

- ઈકો-ટુરિઝમના હિમાયતી બનીને ગ્રીન ઈકોનોમીના સહયોગી બનીએ.

૮. મત્સ્ય વ્યવસાય : દરિયાઈ ખાદ્ય (સિ-ફૂડ) કેટલાંક લોકોને ગમતું અને આરોગ્યપ્રદ છે. આ વ્યવસાયથી માછલીઓની ઘણી પ્રજાતિઓ પ્રભાવિત થઈ છે.

૯. વૅસ્ટ — કચરો : આપણે કોઈપણ ચીજ-વસ્તુની ખરીદી કરીએ, તે સમયાંતરે નકામી થાય છે, વૅસ્ટ બને છે. આ કચરો ક્યાં ફેંકીએ છીએ ?

- કચરાને ગમે ત્યાં ફેંકવાનો બીજો અર્થ એવો થાય છે કે તેનો પુનઃ વપરાશ કરવાની એક તક જતી કરીએ છીએ. ખાસ કરીને લૅન્ડફિલ સાઈટ જેવા સ્થળો ખાતે ભેગો થયેલ આ જૈવિક કચરો સડે છે, ત્યારે તેમાંથી મીથેન ગેસ નીકળે છે, આ ગેસ પૃથ્વીના વાતાવરણને નુકશાન કરતા ગ્રીન હાઉસ ગેસમાં વધુ હાની કરતો ગેસ છે.

- હવે ઈ-વૅસ્ટને રિસાયકલ કરવાની પદ્ધતિઓ વિકસી છે. આવા કચરાને ઈ-વૅસ્ટ ક્લેકશન સેન્ટર ખાતે આપવાની ટેવ પાડીએ.

- કાગળ અને પ્લાસ્ટિકનો કચરો પણ અલગ-અલગ કરીને કચરો વિણતા શ્રમજીવીઓને આપીએ, અને મ્યુનિસિપલ વૅસ્ટ એટલે કે નગરના કચરામાં આવો કચરો ન નાંખીએ.

- મ્યુનિસિપલ વૅસ્ટની નિકાલ વ્યવસ્થામાં સહભાગી બનીએ.

- આપણી આસપાસ ઘરેલું, શોપીંગ સેન્ટર, સંસ્થાઓ કે અન્ય વાણિજ્ય પ્રવૃત્તિઓથી નિપજતા કચરાના યોગ્ય નિકાલ માટેની પદ્ધતિઓ અપનાવીએ. ગ્રીન ઈકોનોમીમાં સક્રિય યોગદાન આપીએ.

૧૦. ઉત્પાદન પદ્ધતિઓ અને ઉદ્યોગો : ઉદ્યોગો અને ચીલાચાલુ ઉત્પાદન પદ્ધતિઓથી પર્યાવરણને થતા નુકશાનથી સૌ પરિચિત છે. આ પરિસ્થિતિમાં બદલાવ લાવી શકાય છે. આ કામગીરીમાં આપણે એક અથવા બીજી રીતે સહભાગી બનીએ.

- નરેશ ઠાકર

UNEP

WORLD ENVIRONMENT DAY | 05 JUNE
Green Economy: Does it include you?

પ્રસંગસર